# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/ક્વા-૨/૧૯-૨૦/૬૨૭૯–૧** **તા.૧૭–૦૯–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૨૮/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: ચુનીલાલ પી. જોધાણી ગામ: રાજકોટ
રજૂઆત કરનાર: અરજદાર ચુનીલાલ પી. જોધાણી હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨
રજૂઆત કરનાર: (૧) શંકર પટેલ - એસ.એ.(રેવ). - પીજીવીસીએલ વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૨
(૨) એમ.પી.દાફડા - નાયબ ઇજનેર લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી
(૩) સચિન પરમાર - નાયબ અધિક્ષક - લક્ષ્મીનગર પેટા વિભાગીય કચેરી

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૧-૦૯-૨૦૧૯ (બુધવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૧-૦૯-૨૦૧૯ (બુધવાર)ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં બંને પક્ષકારો ઉપર મુજબ હાજર રહેલ છે.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ચુનીલાલ પી. જોધાણી ગામ -રાજકોટ, તેઓની અરજીના નોંધણી નં: ૨૮/ક્વા-૨/૧૯-૨૦, માં જણાવે છે કે, તેઓના વીજજોડાણ ગ્રાહક ન 87601/03001/6 મા નીચે દર્શાવેલ તારીખ ના બીલમાં ઉજાલા ચાર્જ પેટે રૂપિયા ૨૧૦.00 ઉધારેલ છે જે ક્યારેય કોઈપણ વસ્તુ લીધેલ નથી. અવાર નવાર રજૂઆત કરવા છતાં પણ આ રકમ પરત મળેલ નથી.

| | | |
|---|---|---|
| તા. ૨૩.૦૯.૨૦૧૭ | ના બિલ | રૂ ૭૦.00 |
| તા. ૧૬.૦૮.૨૦૧૮ | ના બિલ | રૂ ૭૦.00 |
| તા. ૧૮.૦૯.૨૦૧૮ | ના બિલ | રૂ ૭૦.00 |
| કુલ રકમ | રૂ | ૨૧૦.00 |

૨.૧ પીજીવીસીએલ ને મળેલ ઉજાલા રિફંડ રિપોર્ટ તા. ૧૪.૦૧.૨૦૧૯ માં આ રકમ દર્શાવેલ છે, છતાં તે રકમ હજુ સુધી મારા ખાતા માં જમા થયેલ નથી. જેની કોપી રજુ કરેલ છે અરજદારે જે દરે પીજીવીસીએલ બાકી રકમ ઉપર વ્યાજ charge કરેછે તે દરે વ્યાજ સાથે બાકી રકમ જમા આપવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.0 અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- લક્ષ્મીનગર સબ ડિવિઝનના ગ્રાહક શ્રી ચુનીલાલ પી. જોધાણી કનેક્શન નંબર ૮૭૬૦૧/0૩00૧/૬ ની લેખિત અરજી તારીખ ૨૨.૭.૨૦૧૯ના રોજ મળેલ હતી. તેમાં દર્શાવ્યા અનુસાર ગ્રાહકે ઉજાલા બલ્બ ખરીદેલ ન હોવા છતાં સપ્ટેમ્બર ૨૦૧૭, ઓગ્સ્ટ ૨૦૧૮, સપ્ટેમ્બર ૨૦૧૮, ના બિલમાં રુપીયા ૭૦ પ્રમાણે ..કુલ રુપીયા ૨૧૦ ઉધારવામાં આવેલ.

૩.૧ ઉપરોક્ત બાબતે - લક્ષ્મીનાગર સબડિવિઝ્ન દ્વારા નિગમીત કચેરીના પત્રનંબર પીજીવીસીએલ/રેવ/૨૦૧૮-૨૦૧૯/LTB-૧૧૩૬૬/ ૩.૧૦.૨૦૧૮ પ્રમાણે કાર્યવાહી કરવામાં આવેલ. પરંતુ ગ્રાહકનો લેજર રિપોર્ટ તપાસતા માહે સપ્ટેમ્બર ૧૮ ના એકજ બિલમાં આ રકમ ડેબિટ થયેલ માલૂમ પડેલ છે જેની નકલ ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૩.૨ ઉપરોક્ત બાબતે ગ્રાહકને રૂપિયા ૭૦ જમા આપવા પાત્ર થાય છે. તેની સ્પષ્ટતા રૂપે નિગમીત કચેરી એ જણાવેલ છે કે EESL તેમજ જીયુવીએન.એલ.મેનેજમેંટ સાથે ગ્રાહકની ફરિયાદ સંબંધે નિયમિત ફોલોઓપ કરવામાં આવે છે જે અંગે જરૂરી નિર્દેશો આવ્યે. સબડિવિઝનને સૂચના આપવામાં આવશે. જેની જાણ કરતો પત્ર રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર **શ્રી ચુનીલાલ પી. જોધાણી કનેક્શન નંબર ૮૭૬૦૧/0૩00૧/૬** થી ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે.

૪.૨ અરજદાર ની રજુઆત મુજબ – તેઓએ **ઉજાલા બલ્બ ખરીદેલ ન હોવા છતાં સપ્ટેમ્બર ૨૦૧૭, ઓગ્સ્ટ ૨૦૧૮, સપ્ટેમ્બર ૨૦૧૮, ના બિલમાં રુપીયા ૭૦ પ્રમાણે કુલ રુપીયા ૨૧૦ ઉધારવામાં આવેલ**- જે અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ – લેઝર રીપોર્ટ મુજબ – **સપ્ટેમ્બર ૧૮ ના એકજ બિલમાં આ રકમ ડેબિટ થયેલ માલૂમ પડેલ છે**.

૪.૩ અરજદાર ની ફરીયાદ અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – અરજદારે બલ્બ, ટ્યુબલાઈટ કે પંખો હપ્તાથી ખરીદેલ હોય – તેવા કોઈપણ પુરાવા પીજીવીસીએલ દ્વારા ઉપલબ્ધ કરાયેલ નથી.

૪.૪ સદર કેઈસ મા, ઉપરોકત મુદ્દા નં. ૪.૧,૪.૨ અને ૪.૩ ના અનુસંધાને – પીજીવીસીએલ દ્વારા ફરીથી ઉજાલા ચાર્જીસ પેટે ઉધરાવેલ છે, જે નિયમ ને સુસંગત નથી. આ સંજોગોમાં અરજદાર પાસેથી એલઈડી બલ્બ / ટ્યુબલાઈટ પેટે વીજબીલ મા હપ્તા વસુલ કરાયેલ હોય, જે પીજીવીસીએલ દ્વારા સંપૂર્ણ વિગતવાર ખરાઈ કરીને અરજદારને જમા આપવા પાત્ર થતી રકમ દિવસ–૩૦ મા – અરજદાર તેમજ અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ પરત કરવા સુચના આપવામા આવે છે.

૪.૫ ઉપરોકત મુદ્દા નં. ૪.૪ મુજબ ની વિગતેનો હુકમ કરવામા આવે છે.

૪.૬ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯